આર.ડી.ડી./અપીલ/આ.નં./૧૦૭૫
તા.૦૬/૧૧/૨૦૨૦

**અરજદારઃ** શ્રી મનીષ ડી. માંગુકીયા,

**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**<u>ફરીયાદની હકીકતઃ–</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ આપની તા.૦૬/૧૦/૨૦૨૦ ની અરજી આઈ.ડી. નં. ૯૬૧હેઠળ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની તા.૦૬/૧૦/૨૦૨૦ ની આઈ.ડી. નં.૯૬૧ થી સેન્ટ્રલ ઝોન કચેરી સિવિક સેન્ટરમાં કરેલ માહિતી માંગતી અરજી.

(૨) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરિક સુવિધા કેન્દ્રનો પત્ર સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/નં.૯૬૧, તા.૦૭/૧૦/૨૦૨૦ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગને તા.૦૭/૧૦/૨૦૨૦ નાં રોજ મળેલ છે. જે આર.ડી.ડી./ઈન./નં.૧૧૫૧થી નોંધાયેલ છે.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પત્ર નં.આર.ડી.ડી./આ./નં.૮૧૧, તા.૧૨/૧૦/૨૦૨૦ થી આપેલ માહિતી.

(૪) અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા આપેલ માહિતથી નારાજ થઈ તા.૨૦/૧૦/૨૦૨૦ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને કરેલ પ્રથમ અપીલ અરજી.

(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર આર.ડી.ડી./આ./નં.૩૧૦ તા.૨૧/૧૦/૨૦૨૦ થી તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

અરજદાર શ્રી મનીષ ડી. માંગુકીયા ધ્વારા આઈ.ડી. નં. ૯૬૧, તા.૦૬/૧૦/૨૦૨ થી સેન્ટ્રલ ઝોન કચેરી સિવિક સેન્ટરમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી સંદર્ભ(૨) હેઠળના પત્રથી રોડ ડેવલપમેન્ટ વિભાગમાં અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ તા.૦૭/૧૦/૨૦૨૦ ના રોજ મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા તેમના સંદર્ભ(૩) હેઠળના પત્રથી માંગેલ માહિતી અત્રેના વિભાગને લાગુ પડતી ન હોવાથી અરજદારને તે મુજબનો સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૩) હેઠળના પત્રથી પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા યોગ્ય જવાબ પાઠવેલ ન હોવાનું કારણ જણાવી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે આધાર સહ પુરાવા સહિત રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા રાખવામાં આવેલ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ વરાછા ઝોનમાં આવેલ શ્રીજી કૃપા સોસાયટીથી નીલકંઠ સોસાયટીની વાડીની બાજુ માંથી પસાર થતા રસ્તા (શ્રીજી કૃપા સોસાયટીથી મરઘા કેન્દ્ર તરફ જતો ) રસ્તા અંગેની માંગ્યા મુજબની માહિતી પુરી પાડેલ નથી તે અનુસારની રજુઆત કરેલ. અરજદારની ઉકત રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી વરાછા ઝોન (બી) કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, તેમજ આપશ્રીએ કરેલ અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરિક સુવિધા કેન્દ્રનો પત્ર સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/નં.૯૬૧, તા.૦૭/૧૦/૨૦૨૦ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વરાછા ઝોન (બી) કચેરીને તબદીલ કરવામાં આવેલ છે. આથી માંગ્યા મુજબની માહિતી ઉકત કચેરી ધ્વારા પાઠવવામાં આવશે.તેમજ ઉકત માહિતી માટે વરાછા ઝોન(બી) કચેરીનો સંપર્ક સાધવા જણાવવામાં આવી તે અંગેની અરજદારશ્રીને સમજ આપી વાકેફ કરવામાં આવેલ હતા. જે અંગે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરવામાં આવેલ હતો.

**–:હુકમ:–**

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં અપીલ અરજીનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રીની આઈ.ડી.નં.૯૬૧ થી માહીતી માગતી અરજીના અનુસંધાને કરેલ પ્રથમ તા.૨૦/૧૦/૨૦૨૦ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રીને રૂબરૂ સુનવણી માટે ન્યાયના હીતમાં તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નિયત તારીખે રૂબરૂ સુનવણીમાં હાજર રહી ફકત અપીલ અરજીમાં દર્શાવેલ કારણ સિવાય અન્ય કોઈ રજુઆત કરેલ ન હતી. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગના પ્રતિનિધિ તરીકે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેરશ્રી હાજર રહેલ હતા અને તેઓએ વરાછા ઝોનમાં આવેલ શ્રીજી કૃપા સોસાયટી થી નીલકંઠ સોસાયટીની વાડીની બાજુ માંથી પસાર થતા રસ્તા (શ્રીજી કૃપા સોસાયટીથી મરઘા કેન્દ્ર તરફ જતો ) રસ્તા અંગેની માંગેલ માહિતી બાબતે રજુઆત કરેલ કે સદરહું રસ્તો અત્રેના વિભાગ ધ્વારા બનાવવામાં આવતો નથી પરંતુ અરજદાર માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વરાછા ઝોન(બી) કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, તે વિભાગને અરજદારશ્રીની અરજી અગાઉથી તબદીલ કરવામાં આવેલ છે. જેની નકલ અરજદારશ્રીને બતાવી વરછા ઝોન કચેરીનો સંપર્ક સાધવા અંગેની સમજ આપવામાં આવેલ. જે અંગે અરજદારશ્રીએ આપવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા ઉકત વિગતોથી પોતે વાકેફ ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. ધ્વારા પાઠવવામાં આવેલ જવાબથી સંતોષ વ્યકત કરેલ હતો. તેમજ વરછા ઝોન કચેરીને અરજી તબદીલ કર્યા અંગેની નકલ તેમને મળેલ છે, એવો એકરાર કરેલ હતો.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ, અરજદારશ્રી તરફથી આ બાબતે અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(આર.ડી.ડી.) તરફથી આપવામાં આવેલ જવાબ યોગ્ય તેમજ માન્ય હોવાનું રહે છે. આમ, આ અપીલ અરજી અંગે આગળ કશું કરવાનું રહેતું ન હોય, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**ન.ર.:–** (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ પ્રતિ... જાણ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વરાછા ઝોન(બી) પ્રતિ... અરજદારશ્રની રજુઆત અન્વયે ઝોન કક્ષાએથી માહિતી પુરી પાડવા સારૂ.